# ૩૧

## સં. ૨૦૧૪ નું મુનિસમ્મેલન : અમદાવાદ આવવાનો નિર્ણય

વિ. સં. ૨૦૧૩ની એકપક્ષીય એકતાએ સંઘમાં આશાનો સંચાર કર્યો હતો. સંઘના આગેવાનોને સમગ્ર તપાગચ્છમાં તિથિ અને સંવત્સરીની એક સરખી આરાધના થવાની શક્યતાઓ જણાવા લાગી હતી.

નવા તિથિપક્ષના આગેવાન આચાર્યો અને શ્રાવકોની અંતરેચ્છા સમાધાન કરવાની હતી. એ માટે તેઓ યોગ્ય હિલચાલ અને વાટાઘાટો પણ ચલાવી રહ્યા હતા. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ પાલિતાણામાં શ્રી વિજયનંદનસૂરિજીને મળ્યા, ત્યારે તે બંને વચ્ચે ખૂબ સમજણપૂર્વક સંપ કરવાની વિચારણાઓ થઈ હતી; બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિની નવી પ્રણાલિકા છોડી દેવાની ભાવના પણ એમણે વ્યક્ત કરી હતી.

પણ એ આચાર્યો અને શ્રાવકોની એ અંતરેચ્છાને સફળ થવા દેવી, એ એમના પોતાના હાથની વાત ન હતી; એ વાત એ આચાર્યોના અમુક મત-કદાગ્રહી શિષ્યગણ તથા ભક્તગણના હાથમાં હતી. અને એને લીધે જેમની ભાવના સાચી હતી તેમને પણ પોતાની ભાવના ત્યજી દેવી પડતી હતી.

આમ છતાં, ૨૦૧૪ના પર્યુષણની આરાધના સકળ તપાગચ્છમાં એકસરખી થાય, એ માટેના વિચારો ગતિમાન થઈ ચૂક્યા હતા. બંને પક્ષનાં અમુક તત્ત્વો તરફથી થતી પત્રિકાબાજી અને ગાળાગાળીથી સંઘ ત્રાસી ઊઠ્યો હતો. કોઈ ઉપાયે એકતા થાય અને આ રોજિંદા કલેશોનો અંત આવે, એમ ડાહ્યા માણસો ઉત્કટપણે ઇચ્છી રહ્યા હતા.

શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીએ આ માટે એક મુનિસમ્મેલન બોલાવવાનો વિચાર વ્યક્ત કરીને સંઘની આ પ્રબળ ઇચ્છાને વાચા આપી. એમણે કહ્યું : 'તિથિચર્ચાનો સળગતો સવાલ ઉકેલવો હોય, તો તપગચ્છના આગેવાન આચાર્યાદિ મુનિઓ ભેગા મળે, તો જ તે પ્રશ્નનો ઉકેલ આવે; એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.' અને એમના આ સુંદર વિચારને સંઘના અનેક આગેવાનોએ સહર્ષ વધાવી લીધો.

પછી તો, આ માટે ઝડપી કાર્યવાહી આદરવામાં આવી. શેઠ કેશુભાઈને જ આ કાર્ય ઉપાડવા અને સફળતાથી પાર પાડવા માટેની જવાબદારી સોંપવામાં આવી. તેમની આગેવાની નીચે અમદાવાદના તમામ ઉપાશ્રયોના વહીવટદાર શ્રાવકોની એક મોટી (૭૧ સભ્યોની) કમીટી નીમવામાં આવી.

આ પછી, આ બાબત અંગે, શેઠ કેશુભાઈએ બંને પક્ષના જુદા જુદા આચાર્યાદિ સાથે વિચારવિમર્શ અને પત્રવ્યવહાર શરૂ કર્યો. આના પરિણામમાં એમને ખૂબ આશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાય તેવા જવાબો મળ્યા. સમ્મેલન એકત્ર કરવા માટેના અને એ માધ્યમે તિથિપ્રશ્નનો નિવેડો લાવવા માટેના પ્રયત્નને સૌએ સુંદર અને આવકારદાયક ગણાવ્યો.

એટલે શેઠ કેશુભાઈએ, સમ્મેલન કરવાનો નિર્ણય કરીને, બધા આચાર્યાદિ મુનિવરોને અમદાવાદ પધારવાની વિનતિ કરવી શરૂ કરી. શ્રી વિજયોદયસૂરિજી મહારાજ અને શ્રી વિજયનંદનસૂરિજીને પણ વિનતિપત્ર લખી મોકલ્યો.

એ બંને આચાર્યોએ સમ્મેલનના શુભ કાર્યમાં સમ્મતિ આપી. પણ શ્રી વિજયોદયસૂરિજી મહારાજને આંખની તકલીફ હતી, અને શ્રી વિજયનંદનસૂરિજીને ગેસ, લીવરના દુખાવાને કારણે વધુ પડતી નબળાઈ આવી ગઈ હતી અને વિહાર ન થઈ શકે એવી સ્થિતિ હતી, એટલે એ બંનેએ હાજર રહેવાની પોતાની અંગત પ્રતિકૂળતા પણ જણાવી.

પણ, આની અસર વિપરીત થઈ. શેઠે શ્રી વિજયનંદનસૂરિજીને જણાવ્યું : "આપના તરફથી આપે આવવું જ પડશે. આપ અહીં આવવાનો વિચાર નહીં રાખો તો આપનો સમુદાય નિર્ણય કરવા માગતો નથી તેવું સામા પક્ષને બોલવાનું થશે."

શ્રી વિજયનંદનસૂરિજી એકતા માટે ખૂબ ખૂબ આતુર હતા, પણ, જ્યાં તબિયત જ કહ્યું ન કરતી હોય, ત્યાં તેઓ શું કરી શકે? એમણે શેઠને જવાબ લખ્યો :

"તિથિચર્ચાનો એક નિર્ણય આવે એવી અમો પણ પૂર્ણ ઇચ્છાવાળા છીએ. 'આપના તરફથી આપે આવવું જ પડશે.' લખ્યું, તો તમો પણ સારી રીતે સમજી શકો છો કે અમારી તબિયત તેવો શ્રમ લઈ શકીએ તેવી અનુકૂળતાવાળી બિલકુલ નથી. હજુ કાયમ ગેસ, પડખાનો દુખાવો રહ્યા જ કરે છે, તેમ જ નબળાઈ તો ખૂબ જ રહે છે. હજુ અર્ધો માઈલ ચાલી શકાય તથા દાદરો ચડી શકાય તેટલી પણ શક્તિ નથી. ....આવી અમારી પરવશતાની સ્થિતિમાં અમો ત્યાં કઈ રીતે પહોંચી શકીએ? અને કઈ રીતે ત્યાં પરિશ્રમ લઈ શકીએ?....'આપ નહીં આવો તો આપનો સમુદાય નિર્ણય કરવા માગતો નથી તેવું સામા પક્ષને બોલવાનું થશે.' વિ. જે તમોએ લખ્યું તે વ્યાજબી નથી. અમારા સમુદાય તરફથી કોઈ હાજર ન રહે, અથવા તો સર્વાનુમતે જે નિર્ણય આવે તે અમો કબૂલ ન રાખતા હોઈએ, તો કદાચ સામા પક્ષને કે બીજાને તમારા લખવા પ્રમાણે બોલવાનું થાય એમ કહી શકાય, પણ એવું અમારા તરફથી કંઈ છે જ નહિ."

આ સ્પષ્ટ ખુલાસાથી શેઠને ખૂબ સંતોષ થયો. તેમણે વળતો પત્ર લખ્યો : "આપની તબિયતના સમાચાર જાણી ચિન્તા થાય છે. તબિયતની અનુકૂળતા મુજબ વર્તવાનું રાખશો....આપને આવવું પડશે, એવું મેં જે લખ્યું છે તે પણ 'આપના સિવાય ઠેકાણું પડે તેમ નથી.' તેમ બધાના અભિપ્રાય જાણીને જ લખ્યું છે....સંઘની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્તિ સારુ આપને તબિયતની અનુકૂળતા ન હોવા છતાં તસ્દી આપવી પડશે. કારણ, આપના વગર ઠેકાણું પડવાનું નથી."

આના અનુસંધાનમાં બંને વચ્ચે પત્રવ્યવહાર ચાલુ જ રહ્યો. શેઠના દરેક પત્રોમાં વિનતિ મુખ્યરૂપે રહેતી. તા. ૨૫-૧૨-૫૭ના પત્રમાં લખ્યું કે : "આપની ગેરહાજરીમાં ચર્ચાનો નિર્ણય થઈ શકે તેમ નથી."

તા. ૨-૧-૫૮ના દિવસે શેઠે સંમેલન વિષે માર્ગદર્શન મળે, એ હેતુથી પણ પધારવાનો આગ્રહ કરતાં લખ્યું કે : "પૂજ્ય આચાર્યશ્રીઓનું મિલન તિથિચર્ચાનો નિર્ણય લાવી સંઘમાં એકતા સ્થાપવા માટે છે. શાસનની ગૌરવતા તથા ઉન્નતિ પ્રત્યે હમારા કરતાં તેમને વધુ રસ હોઈ નિર્ણય કેવી રીતે લાવવો અને તેને સારુ શું શું કરવું તથા કેવી રીતે ગોઠવવું, તે તેમના બધાના ઉપર છોડવાનું વાસ્તવિક તથા શોભારૂપ હોવાથી તે સંબંધી કોઈ પણ ચર્ચા કોઈ સાથે કરવામાં આવી નથી અને તે અગાઉથી ન કરવી હિતાવહ છે. તદુપરાંત આપના સમુદાયમાંથી આપે તથા પૂજ્ય ગુરુ શ્રી વિજયોદયસૂરીશ્વરજીએ તો પધારવું જ જોઈએ તેવી સર્વે વૃદ્ધ, વડીલ આચાર્યશ્રી તેમ જ મુનિ-મહારાજશ્રીઓની પ્રબળ ઇચ્છા છે, તેમ નિર્ણય લાવવામાં આપ યોગ્ય રીતે દોરવણી આપી કાર્ય ફળીભૂત કરી શકશો તેવી ભાવનાથી આપે જરૂર પધારવું, તેવું આપને વિનંતિ કરવા મને પ્રેરણા અપાઈ છે, તેથી મારી વિનંતિને આપ માન્ય રાખી બની શકે તેટલા વહેલા આવી શકો તેવી રીતે વિહાર ગોઠવશો."

આના ઉત્તરમાં પહેલાં તો શ્રી વિજયનંદનસૂરિજીએ તબિયતની પ્રતિકૂળતાના કારણે ના જ લખી, એ સાથે સંમેલન કઈ રીતે થઈ શકે, અને તેમાં ચર્ચા ને નિર્ણય કઈ પદ્ધતિએ લઈ શકાય, તેનું વિસ્તૃત માર્ગદર્શન પણ લખી મોકલ્યું. પણ આના જવાબમાં શેઠે લખ્યું કે : "આપના સિવાય સંમેલન અશક્ય લાગે છે તેથી જે જે પૂજ્ય આચાર્યશ્રીઓએ મારી વિનંતિને સ્વીકારી, લાંબા વિહાર તેમ શારીરિક સ્થિતિ બરોબર નહીં છતાં જેમ બને તેમ વહેલાં આવવા કબૂલ થયા તેમને અગાઉથી વધુ પરિશ્રમ નહીં લેવા જણાવવું એ મારી ફરજ સમજું છું. આ પત્ર આપની સલાહ તેમ જ આપના સિવાય એકઠાં થવું અશક્ય છે, તેટલું આપના ધ્યાન ઉપર લાવવા, તેમ જ તે બાબત વિચાર કરવા સારું લખું છું." શેઠના આ પત્રથી એમને મનમાં વિચાર આવ્યો કે, 'બધાં મારા માટે આટલો આગ્રહ રાખે છે, અને સંઘની એકતાનું કામ છે, તો તબિયતનો વિચાર ન કરીને પણ જવાય તો સારું.' આ વિચારથી એમણે શેઠ પર તાર કરાવ્યો કે 'હું ત્યાં આવવાનો વિચાર રાખું છું. નાગરદાસભાઈને અહીં પહેલી ટ્રેઈનમાં મોકલો.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તારમાં હજી વિહારનો વિચાર જ સૂચવ્યો હતો; ચોક્કસ નિર્ણય નહિ. પણ શેઠને એથી ખૂબ આનંદ થયો.

પણ, શ્રી વિજયનંદનસૂરિજીની પ્રતિકૂળ રહેતી તબિયતે તેમને તેમનો આ વિચાર ફેરવવાની ફરજ પાડી. તેમણે તરત જ પત્રથી જણાવ્યું : "અમારી તબિયતની પ્રતિકૂળતાથી અમે આવી શકીએ તેમ નથી."

આ દિવસોમાં તેઓ કદમ્બગિરિમાં બિરાજતા હતા. ઉપરનો જવાબ લખ્યો, પણ મનમાં હજી જવું-ન જવુંની દ્વિધા ચાલુ જ હતી. એક વાર તો જવાનો ચોક્કસ વિચાર થઈ ગયો, એટલે કદમ્બગિરિથી પાલિતાણા તરફ વિહાર પણ કર્યો. પણ એ ચાર દિવસ દરમ્યાન ચક્કર, ગેસ, દુખાવો, અને એને લીધે વધતી નબળાઈથી થાકીને પાલિતાણાથી આગળ વધવાનું મોકૂફ રાખવું પડયું.

શેઠ કેશુભાઈ ઉપરાંત એકતિથિપક્ષના બીજા પણ અનેક ગૃહસ્થોના પત્રો શ્રી વિજયનંદનસૂરિજી પર આવ્યે જ જતા હતા. સૌની એક જ ભાવના હતી કે 'આપ પધારો, તો જ સમ્મેલનમાં મઝા અને વ્યવસ્થા રહી શકશે.'

તા. ૧-૨-૫૮ના પત્રમાં સલોત ફૂલચંદભાઈ છગનલાલ લખે છે : "આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ પ્રેમસૂરિજી મહારાજ સાહેબજીએ મને આજે બોલાવ્યો હતો, અમારી સાથે એકલા એકાંતમાં ઓરડીમાં ખરતરગચ્છના ઉપાશ્રયે હાલ છે ત્યાં બેસી અમોને જણાવ્યું કે 'નન્દનસૂરિજી તથા ઉદયસૂરિજી મહારાજને કોઈ રીતે અહીં લાવ્યા વિના ચાલવાનું નથી. તેમની હાજરી વગર આ ઠેકાણું પડે તેમ નથી. હું નંદનસૂરિજી માટે પ્રથમ એવું મંતવ્ય ધરાવતો હતો કે તેમને કોઈ દિવસ મળવું નહીં. પણ પાલિતાણામાં અમો મળ્યા બાદ તેમના માટે મને પૂરેપૂરું માન થયું છે, અને તે વાત હું હૃદયથી કહું છું. અમે બન્ને એક થઈ તુરત પતી જશે. અને હું માનું છું ત્યાં સુધી અમારા બન્નેના વિચારો મળવામાં અશકય લાગતું નથી. જેથી હું અંગત ખાસ કહેવરાવું છું કે તેમણે-ઉદયસૂરિજી તથા નન્દનસૂરિજીએ-ગમે તે રીતે-ડોળીમાં બેસવું પડે તો ડોળીમાં-આવી પહોંચવું બહુ જ જરૂરી છે."

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય મેનેજર શ્રી નાગરદાસભાઈ એક અંગત પત્રમાં લખે છે : "અમદાવાદમાં આ તબક્કે, આપની હાજરીની કેટલી અગત્ય છે, અને શાસનને આપની દોરવણી તથા દીર્ઘદૃષ્ટિની કેટલી આવશ્યકતા ઊભી થઈ છે તે આપનાથી અજાણ નથી છતાં, કમભાગ્યે, આપનું સ્વાસ્થ્ય વિહાર યોગ્ય જણાતું નથી. ....હું તો હજુ પણ એવી આશા સેવી રહ્યો છું અને પ્રાર્થના કરી રહ્યો છું કે આપની તબિયતમાં ઝડપી સુધારો થાય અને શાસન-સંગઠન અને અભ્યુદયના આ કાર્યમાં વહેલા-મોડા પણ, અત્રે હાજરી આપવા યોગ્ય સ્વાસ્થ્ય આપ પ્રાપ્ત કરો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ શકરચંદ મણિલાલ લખે છે : "અમદાવાદના સકળ સંઘની મીટ આપના ઉપર વધારે જોઈ રહેલ છે કે ક્યારે આપશ્રી અત્રે પધારો ! અમારા જાણવા, જોવા અને સાંભળવા પ્રમાણે અમને બીજી વાર કારણ મલે છે કે આપશ્રીની અત્રે હાજરીની ખાસ જરૂર છે."

આમ સૌનો આગ્રહ હતો. આની સામે એમની પણ ભાવના પ્રબળ હતી, પણ તબિયતથી પરવશ હતા.

સૌનો જેવો આગ્રહ એમના માટે હતો, તેવો જ શ્રી વિજયોદયસૂરિજી મહારાજ માટે પણ હતો. અને બેમાંથી એકે તો અવશ્ય હાજર રહેવું જ જોઈએ. એટલે શ્રી વિજયોદયસૂરિજી મહારાજે ફાગણ માસમાં અમદાવાદ તરફ વિહાર કર્યો. સંમેલનનું શુભ મુહૂર્ત એ બંને આચાર્યદેવોએ ફાગણ વદ બીજ અને છઠ્ઠનું આપેલું. પણ શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા બીજા શ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજ વગેરેને આવી પહોંચવામાં વિલંબ થાય તેમ હોવાથી તે મુહૂર્ત મુલત્વી રાખી નવું મુહૂર્ત રાખવાનું નક્કી થયું.

શ્રી વિજયોદયસૂરિજી મહારાજનો વિહાર થઈ ગયો એટલે સૌને લાગ્યું કે હવે શ્રી વિજયનંદનસૂરિ મહારાજ નહીં જ પધારે, છતાં સાચા દિલની લાગણીવાળા ભાવિકો વિનતિ કરતા અટક્યા નહિ.

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીએ જનતાની વ્યાપક લાગણીને વાચા આપતાં લખ્યું : "અહીંના સાહજિક વાતાવરણનો પડઘો આપને મારે પહોંચાડવો જોઈએ એ દૃષ્ટિએ આપની સેવામાં એક અરજ કરું છું, જ્યારથી આપના અહીં આગમનના અભાવના સમાચાર સંભળાતા રહ્યા છે, ત્યારથી સાધુગણમાં સહજભાવે અસંતોષ રહ્યો છે. અને ધીરે ધીરે સૌને આપનો અભાવ ઘણો જ સાલે છે. અલબત્ત, અહીં ગુરુમહારાજજી શ્રી ૧૦૦૮ શ્રી ઉદયસૂરીશ્વરજી મ. પધારી રહ્યા છે અને સર્વ રીતે સમર્થ છે, તે છતાં આપનું તેજ, પ્રભાવ, વિચારણાઓ ગાંભીર્ય ભરેલી હોઈ સૌને આપની હાજરીની આવશ્યકતા લાગે જ છે. સૌમાં હું બાકાત તો નથી જ. અલબત્ત, જો શક્ય હોય, આપની પ્રકૃતિને કષ્ટ તો જરૂર જ પડશે, તે છતાં આપની હાજરી અહીં સમ્મેલન પ્રસંગે અનિવાર્ય રીતે આવશ્યક છે. તો મારી તો આપને સવિનય હાથ જોડીને વિનંતિ છે કે આપ જે રીતે ઉચિત ધારો તે રીતે પણ અહીં પધારો અને તે આપને અને સૌ શ્રીસંઘને લાભદાયી નીવડશે. આપ જ્ઞાનીવરને વિશેષ તો શું લખવાનું હોય? આપશ્રી સ્વયં દેશ-કાળ-આગમજ્ઞ છો. જોકે અહીં શાસ્ત્રોની ચર્ચાઓ ઉકેલવાની નથી, અને એનો પાર પણ ન આવે; તે છતાં આપની પ્રતિભામાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસંઘને જે વ્યાપક માર્ગદર્શન મળશે, તે વિશિષ્ટ જ હશે–એવો મારો નહિ, અનેક વ્યક્તિઓનો વિશ્વાસ છે.”

વકીલ છોટાલાલ ત્રિકમલાલ પરીખે વિનતિપત્રમાં લખ્યું: “આપના સિવાય જરા પણ ચાલી શકે એવું નથી. એટલે હું અને સર્વે એમ ઇચ્છીએ છીએ કે આપે ગમે તે અગવડ-સગવડે પણ આવવાની ખાસ જરૂરિયાત છે.”

મુંબઈથી શેઠ હીરાલાલ પરશોત્તમદાસ, શેઠ ભાઈચંદ નગીનદાસ, શેઠ કેશવલાલ બુલાખીદાસ, શા. શાન્તિલાલ મગનલાલ અને શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી એક સંયુક્ત પત્રમાં લખે છે: “વાતાવરણ જોતાં અને જે મહત્ત્વનું કાર્ય શાસન-શ્રેયના અંગે કરવાનું છે એ વિચારતાં કોઈ પણ પ્રયત્ને આપશ્રીની હાજરીની ખાસ આવશ્યકતા છે. જૈન સમાજની નજરે અને આપનું માર્ગદર્શન જે સમુદાય સ્વીકારે છે એ સર્વની દૃષ્ટિએ આપની હાજરીની ખાસ જરૂર છે.”

શ્રી ગોડીજી–દેવસૂર સંઘે પણ વિનતિપત્ર લખ્યો કે: “ગયા વર્ષે અમોએ શ્રીસંઘ એકતા સાધી આરાધન એક દિવસે કરે એ માટે જે પ્રયત્નો કરેલા એમાં આપનું માર્ગદર્શન ભારે લાભદાયી નીવડયું હતું. તિથિના પ્રશ્નનું સમાધાન આપે પંચાંગ આદિ જે પ્રશ્નો દર્શાવેલા એના ઉકેલ ઉપર જ અવલંબે છે. એ બાબત માટે આપ સચોટ અને સુખદ રીતે સમર્થન તેમ જ ઉકેલ કરી શકો છો, એટલું જ નહિ, પણ એ પાછળની આપની ભાવના પ્રબળ હોવાથી ધારી અસર ઉપજાવી શકો તેમ છો. વાતાવરણ જોતાં જે મહત્ત્વનું કાર્ય શાસનના શ્રેય અંગે કરવાનું છે એ વિચારતાં આપની હાજરીની ખાસ આવશ્યકતા છે.”

પં. મફતલાલ ઝવેરચંદે પણ ભારપૂર્વક લખ્યું:

“હું અંગત રીતે આપને જણાવું છું કે આપની તબિયત નાદુરસ્ત છે, આવી શકાય એવી સ્થિતિ નથી, આ બધું છતાં કેટલાંક કામો એવાં હોય છે કે તબિયતને ગુમાવીને પણ કરવાં પડે છે. અને કોઈ વાર મુશ્કેલીમાં અપવાદ સેવીને પણ શાસનકાર્ય કરવાની ફરજ થઈ પડે છે. આ પ્રસંગે આપે અવશ્ય આવવા જેવું છે.

“પૂ. લાવણ્યસૂરિજી અહીં છે. પૂ. મહારાજ સાહેબ આવે છે. છતાં મને લાગે છે કે આપ નહિ આવો તો ઠીક નહિ થાય....

“આપ આ વિષયના પૂર્વાપરના જાણકાર છો. પૂ. સ્વ. ગુરુમહારાજનો પાવર–શક્તિ પણ આપનામાં છે. કહેતાં પણ આવડે છે અને વાળતાં પણ આવડે છે. માંદા માંદા પણ ઉકેલ આણવાની તાકાત છે. સાથે શાસનની એકતામાં આપનું પૂરું ચિત્ત છે. આ બધાનો આજે ઉપયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મારી તો અંગત દૃઢ માન્યતા છે કે આપ અત્યારે નહિ આવો તો આ સંમેલનને સફળ રીતે પાર પાડવું હશે તો ભેગા થયા પછી પણ તમારી રાહ જોવી પડશે. અગર ગમે તેમ ભીનું સંકેલવું પડશે, કે કાંઈક અજુગતું થયું તેમ ઉકેલવું પડશે. આવું ન બને અને ભવિષ્યમાં સુધારવાનું પણ અશક્ય થાય તે પહેલાં આપે આવવું જરૂરી છે."

આ. શ્રી વિજયધર્મસૂરિજી લખે છે: "સંમેલનની સફળતાનો આધાર મુખ્યત્વે આપની હાજરી ઉપર અવલંબે છે. માટે કોઈ પણ ઉપાયે પધારવા માટે કૃપા કરશો."

શ્રી વિજયોદયસૂરિ મહારાજે પણ એમને લખી જણાવ્યું કે "ક્ષણે ક્ષણે એવો વિચાર રહ્યા કરે છે કે તમો અમદાવાદ તરફ વિહાર કરો, મને એમ લાગે છે કે તમારી હાજરીની અમદાવાદ ખાસ જરૂર છે."

એક બાજુ, પૂજ્ય ગુરુમહારાજની ઇચ્છા અને બીજા બધાની આગ્રહભરી વિનતિઓ શ્રી વિજયનંદનસૂરિજીને અમદાવાદ જવા માટે સોત્કંઠ બનાવતી હતી, ને બીજી બાજુ શરીરની નાજુક દશા ન જવા ફરજ પાડતી હતી. શું કરવું ? એ ચોક્કસ નહોતું થતું.

શેઠ કેશુભાઈને છેલ્લી વાર ના લખી, ત્યારે તેમને પણ લાગ્યું કે આવી તબિયતે વધુ આગ્રહ કરવો વ્યાજબી નથી. એથી એમણે લખ્યું: "આપનો પત્ર મલ્યો. શિવલાલનો પણ પત્ર છે. આપની તબિયતના સમાચાર જાણી ચિન્તા થાય છે. આપની તબિયતની અનુકૂળતા મુજબ આપને જણાય કે વિહાર અશક્ય છે તો આપ તે પ્રમાણે ઘણી ખુશીથી અત્રે આવવાનો વિચાર માંડી વાળશો. આપે શાસનહિતની દૃષ્ટિએ તેમ હમારી વિનંતિથી આપનાથી બનતો પ્રયાસ કર્યો, છતાં નાઉપાયે જ વિચાર માંડી વાળો તો કોઈને કાંઈ કહેવાપણું રહેતું નથી. પૂ. આચાર્યશ્રી લાવણ્યસૂરિશ્રી અત્રે છે તો આપ તેમને સૂચના આપતા રહેશો."

આ પત્રમાં શેઠની સૂચનાનુસાર શ્રી વિજયનંદનસૂરિજીએ શ્રી વિજયલાવણ્યસૂરિજીને સૂચના કરાવી કે "તમે શ્રી વિજયોદયસૂરિજી મહારાજ જોડે રહીને આપણા સમુદાય વતી પ્રતિનિધિત્વ કરજો."

પણ આના જવાબમાં એમણે પં. મફતલાલને મોંએ કહ્યું કે: "હું સંમેલનમાં હાજર રહીશ, વાતો કરીશ, પણ નંદનસૂરિ મહારાજ જેવી પકડ અને એમના જેવું નિર્ણયાત્મક વલણ હું ન જાળવી શકું. વધુ ખેંચતાણ થશે તો મારી પકડ ઢીલી પડી જશે. માટે એ આવે તો જ સારું." આમ કહીને એમણે શ્રી વિજયનંદનસૂરિજી પર પત્ર પણ લખ્યો: "રાજનગરની સકલ જનતા, અને અન્ય સમુદાયો પણ આપ અહીં પધારો તેમ ઉત્કંઠાવાળા છે. આપ નહિ આવો, એ જાણીને સૌ ઉદ્વેગ પામે છે. માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે અહીં પધારવું અતીવ આવશ્યક છે. આપની છાયામાત્રથી જ બધું સ્વચ્છ થઈ જશે."

આ જ અરસામાં શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, છેલ્લો પ્રયત્ન કરવાની ગણતરીથી, પાલીતાણા આવ્યા, ને ખૂબ આગ્રહપૂર્વક વિનંતિ કરી. આ પહેલાં શ્રી શકરચંદ મણિલાલ વગેરે આગેવાનો રૂબરૂ આવ્યા, ત્યારે જે જવાબ આપેલો, તે જ જવાબ શ્રી કેશુભાઈ શેઠને આપ્યો: "મારી હાલ ઇચ્છા નથી. તબિયતની અનુકૂળતા નથી. એમ છતાં મને શાસનસમ્રાટની અંતઃપ્રેરણા થશે તો હું તરત તમોને કહેવરાવીશ."

શેઠ પાલિતાણા પેઢીમાં કહેતા ગયા કે 'મહારાજજીનો વિચાર થાય તો મને તરત જ તારથી જણાવી દેજો.'

થોડા દિવસ ગયા, ને એક દિવસ સવારમાં ઊઠતાં વાર જ એમને અંતઃપ્રેરણા થઈ કે 'તારે સંમેલનમાં જવું જ જોઈએ.' આ થતાં જ એમનું ચિત્ત પ્રફુલ્લ ને પ્રસન્ન બની ગયું. થોડી વાર પછી તેઓ પૂજ્ય આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજને વંદન કરવા ગયા. ત્યાં એમને વાત કરી કે "આજે મને આવી પ્રેરણા થઈ છે, માટે જવાનો વિચાર કરું છું." શ્રી વિજયદર્શનસૂરિ મહારાજ કહે: "હું તો તમને પહેલેથી જવાનું કહું છું. જરૂર જાવ."

બસ, વડીલના આશીર્વાદ મેળવીને તરત જ પેઢીમાંથી મુનીમ કરુણાશંકરને બોલાવીને અમદાવાદ શેઠ ઉપર તાર કરવાનું જણાવી દીધું.

# ૩૨

## સં. ૨૦૧૪નું મુનિસમ્મેલન: અમદાવાદમાં આગમન

જે સમાચારની આતુરતાપૂર્વક આશા સેવાતી હતી, એ સમાચાર આખરે આવ્યા. સંઘના શાન્તિપ્રિય વિશાળ વર્ગની આશા અને મહેનત અંતે સફળ થઈ.

શેઠ કેશુભાઈએ તારના ઉત્તરમાં લખ્યું: "ગઈ કાલે રાત્રે કરુણાશંકર તરફથી તાર મળ્યો કે આપ ચૈત્ર શુદિ ૧૦ ને રવિવારે અત્રે સારુ વિહાર કરો છો. આપના આ નિર્ણયથી અત્રે મુનિ-મહારાજશ્રીઓ તથા ગૃહસ્થીઓમાં ઘણો જ આનંદ થયો છે. સંમેલન સારું શુભ દિવસ કાઢી મને જણાવવા વિનંતિ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વિજયનંદનસૂરિજીએ સંમેલનના શુભ મુહૂર્ત માટે ચૈત્ર વદિ ૮, ૯, ૧૧ અને વૈશાખ શુદિ ૩ એમ ચાર દિવસો લખી જણાવ્યા.

એમના વિહારના સમાચાર સાંભળીને અતિ આનંદમાં આવી ગયેલી વ્યક્તિઓએ એમના પર પત્રો લખ્યા. એમાંના અમુક પત્રો આપણે વાંચીએ :

શેઠ કસ્તૂરભાઈ હઠીસિંગ : "આપે શુભ પગલું ભર્યું છે. અમોને આનંદની સીમા નથી રહી. આપ સુખરૂપ પધારો ને વિહારમાં આપની તબિયત સારી રહે એમ પ્રાર્થના કરીએ છીએ."

શેઠ શકરચંદ મણિલાલ : "ઘણો જ આનંદ થયો છે. આપના વિહાર કરવાના સમાચાર સાંભળી અત્રે પણ ઘણી જ ખુશી પથરાઈ છે. છેલ્લે છેલ્લે પણ આપશ્રીને વિહાર કરવાની પ્રેરણા પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુમહારાજે કરી તે પણ એક આશ્ચર્યજનક ઘટના છે."

મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ : "ગઈ કાલે રાત્રે તાર મળ્યો. આપશ્રી વિહાર કરવાના છો, તેથી સર્વત્ર આનંદ થયો છે, મને તો સવિશેષ જ થયો છે."

નિર્ણય પ્રમાણે ચૈત્ર શુદિ દશમે વિહાર કર્યો. પહેલો મુકામ પાલિતાણા ગામ બહાર મોદીના બંગલે કર્યો. તેઓ બંગલે પહોંચ્યા કે થોડી જ વારમાં અમદાવાદથી શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજના ખાસ સલાહકાર શ્રીકાંત ત્યાં આવી પહોંચ્યા. એ કહે : "સાહેબ ! ઘણા સમયથી આપને મળવાનું મન હતું. વળી, મને થતું'તું કે મહારાજ સંમેલનમાં કેમ નથી આવતા ? એમણે આવવું જ જોઈએ. આ કહેવા માટે પણ આવવું હતું, પણ સમય નહોતો મળતો. ત્યાં સાંભળ્યું કે આપ પધારો છો, એટલે હું તો બધું મૂકીને દોડતો આવ્યો. બહુ સારું થયું, આપે પધારવાનું નક્કી કર્યું તે."

શ્રીકાંત કેમ આવ્યા છે, એ શ્રી વિજયનંદનસૂરિજી બરાબર સમજતા હતા. સૂરિસમ્રાટ અને શ્રી વિજયનંદનસૂરિજીમાં એક તફાવત હતો : સૂરિસમ્રાટને લાગે કે આ માણસ વિશ્વાસ કરવા લાયક નથી, તો તેઓ એને દૂરથી જ રવાના કરી દે, એની જોડે વાત સુધ્ધાં ન કરે; જ્યારે શ્રી વિજયનંદનસૂરિજી એવી વ્યક્તિને કાઢી ન મૂકતાં બેસાડે, એની વાતો સાંભળે, ને છેવટે એને પોતાને જ ભોંઠા પડ્યા જેવું લાગે એવી સ્થિતિમાં એને મૂકીને વિદાય આપે !

શ્રીકાંત સામા પક્ષની વ્યક્તિ હતા, અવિશ્વસનીય હતા, છતાં એ મળવા આવ્યા, ત્યારે એની જોડે એમણે શાંતિથી વાતો કરી.

એ દિવસોમાં "સેવાસમાજ" નામના જૈન પેપરમાં એક લેખ આવેલો. એમાં સંમેલનની કશી આવશ્યકતા નથી, એ મતલબનું લખાણ હતું. એ લેખ શ્રી વિજયરામચંદ્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિજીની તરફેણનો હતો. એ અંગે શ્રી વિજયનંદનસૂરિજીએ શ્રીકાંતને પૂછયું: "અત્યારે આવો લેખ કોણે લખ્યો હશે?"

શ્રીકાંત કહે: "સાહેબ! મેં લખ્યો હોય એમ આપને લાગે છે ખરું?"

શ્રી વિજયનંદનસૂરિજી આ જવાબ પરથી જ સમજી ગયા કે આ ભાઈએ જ એ લેખ લખ્યો છે. વળી, 'સેવાસમાજ'નું સંપાદનકાર્ય સંભાળતા શ્રી ઈન્દિરાબહેન જ્યારે અમદાવાદ આવેલાં, ત્યારે તેમણે શેઠ કેશુભાઈના પ્રશ્નના જવાબમાં સ્પષ્ટ કહેલું કે આ લખાણ શ્રીકાંત તરફથી જ આવેલું છે, એ વાતની પણ એમને ખબર હતી. પણ અત્યારે તેઓ અજાણ જ રહ્યા. એમણે ભીનું સંકેલ્યું: "ના, ના, એમ તો શેનું લાગે?"

આ પછી શ્રીકાંત કહે: "સાહેબ! આચાર્ય મહારાજે (શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ) મને કહ્યું છે કે સંમેલન માટે ચર્ચા કરવાના પોઈન્ટો મહારાજજીએ કંઈ વિચાર્યા હોય તો લેતો આવજે. માટે આપે વિચાર્યા હોય તો આપો."

શ્રી વિજયનંદનસૂરિજી કહે: "હજી તો આજે વિહાર કર્યો છે. અત્યાર સુધી આવવાનું નહોતું. એકાએક નક્કી થયું ને વિહાર કર્યો. એમાં વિચારનો સમય ક્યાંથી મળે?"

પોઈન્ટો ન મળતાં નિરાશ થઈને શ્રીકાંત પાછા ગયા.

જ્યારે શ્રી વિજયનંદનસૂરિજી કોઠ આવી પહોંચ્યા, ત્યારે શ્રીકાંત ફરીવાર આવ્યા; કહે: "સાહેબ! વિનતિ કરવા તો બધા આવશે, પણ હું તો કહું છું કે આપ અને આચાર્ય મહારાજ ગામ બહાર–બકુભાઈના બંગલે–એક વાર મળી લો, તો ઠીક થશે. શ્રી વિજયોદયસૂરિ મહારાજ પધાર્યા ત્યારે મળવાનું ગોઠવેલું, પણ તે વખતે આચાર્ય મહારાજને તાવ ખૂબ આવ્યો, એટલે મળાયું નહિ."

શ્રી વિજયનંદનસૂરિજી કહે: "હજી તો વાર છે, ત્યાં આવીએ એટલે વિચાર કરીશું."

પછી કહે: "પોઈન્ટો વિચાર્યા હોય તો મહારાજે મંગાવ્યા છે."

આચાર્યશ્રી કહે: "અત્યારે તો વિહારમાં થાકી જવાય છે. ક્યાંથી સમય મળે?"

આ પછી સરખેજ મુકામે શ્રી રમેશચંદ્ર બકુભાઈ વગેરે આવ્યા, ને પોતાના બંગલે શ્રી વિજયરામચંદ્રસૂરિજી સાથે મળવાનું નક્કી કરી ગયા. બીજે દિવસે સરખેજથી વિહાર કરી બકુભાઈના બંગલે ગયા. ત્યાં શ્રી વિજયધર્મસૂરિજી વગેરે આપણા પક્ષના, અને સામા પક્ષે શ્રી વિજયરામચંદ્રસૂરિજી, શ્રી વિજયમનોહરસૂરિજી, શ્રી વિજયજંબૂસૂરિજી, શ્રી કીર્તિવિજયજી વગેરે આવેલા. બધા મલ્યા. અરસપરસ સુખશાતાદિની વાતો કરી. એ વખતે રમેશભાઈએ વિનતિ કરી. "આપ બંનેનો મળવાનો સમય ગોઠવો."

શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું: "તમે નક્કી કરો તે સમય રાખીએ."

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

બે વાગ્યાનો સમય નક્કી થયો.

બે વાગે સૌ એક ખંડમાં મળ્યા, બેઠા. બીજી આડીઅવળી વાતો ચાલી. પણ એ વખતે શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પ્રસ્તુત પ્રકરણની કશી વાત જ ના ઉચ્ચારી. છેવટે શ્રી નંદનસૂરિજીએ સરળ ભાવે કહ્યું : “ આપણે સંમેલનમાં શેની વિચારણા કરવી છે, એ વિષે આપણે અહીં થોડીક વિચારણા કરી લઈએ.”

ત્યારે શ્રી વિજયરામચંદ્રસૂરિજી કહે : “ ના ના, એ વિચારણા અત્યારે ખાનગીમાં કરવાની શી જરૂર છે? એ માટે તો સંમેલન બોલાવ્યું છે; ત્યાં જ વિચારીશું.”

થયું. સરળતાને અને સામા પક્ષને બાર ગાઉનું આંતરું છે, એવી શ્રી વિજયનંદનસૂરિજીની માન્યતા સાચી હોવાની સૌને આ બનાવે પ્રતીતિ થઈ.

આ પછી એમણે શ્રીસંઘના ઉત્સાહ વચ્ચે શહેરમાં પ્રવેશ કર્યો.

એમના આગમનથી શહેરની હવામાં પરિવર્તન આવ્યું હતું. કાંઈક સંગીન અને સુંદર પરિણામ આવવાની આશા સૌને બંધાઈ હતી. એમની શક્તિ અને પ્રતિભા ઉપર સૌને અખૂટ અને અગાધ શ્રદ્ધા હતી. એ જે કરશે, તે સંઘના વ્યાપક અને શ્રેષ્ઠ હિતમાં જ હશે એની સૌને ખાતરી હતી. એટલે સૌ નિશ્ચિન્ત બનીને સંમેલનની શુભ શરૂઆતની વાટ જોવા લાગ્યા.

એકતિથિપક્ષના સમગ્ર શ્રમણ-સમુદાયે પણ શ્રી વિજયનંદનસૂરિજીને પોતાનું નેતૃત્વ સોંપીને રાહતનો દમ ખેંચ્યો.

પાંજરાપોળનો ઉપાશ્રય અનેક મુનિરાજો તથા આગેવાન ગૃહસ્થોની આવન-જાવનથી ચોવીસે કલાક ધમધમી રહ્યો.

શ્રી વિજયનંદનસૂરિજીનું બુદ્ધિતંત્ર બરાબર કામે લાગી ગયું. કોને શું જવાબ આપવો, કોને ક્યાં નિયુક્ત કરવા, કોનો ઉપયોગ કેમ કરવો, સામા પક્ષના વિચારોનો પ્રતિવાદ કેમ કરવો, આ બધામા તેઓ પૂરા સક્રિય બની ગયા.

અને જોતજોતામાં સંમેલનની શરૂઆતનો મંગળકારી દિવસ–અક્ષય તૃતીયાનો દિવસ–આવી પહોંચ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૩

## સં. ૨૦૧૪નું મુનિસમ્મેલન : નિષ્ફળતા એ જ સફળતા

આ મુનિસમ્મેલનનું ધ્યેય હતું : શ્રીસંઘમાં એકતા અને શાન્તિની પુનઃ પ્રતિષ્ઠા. છેલ્લા કેટલાયે સમયથી સંઘમાં છવાયેલા કલેશમય વાતાવરણને દૂર કરવું જરૂરી હતું. અને એ વાતાવરણ ત્યારે જ દૂર થઈ શકે એમ હતું, જ્યારે એની જન્મદાતા તિથિ-ચર્ચાના પ્રશ્નનો ઉકેલ આવે. આ પ્રશ્ને ઘણા ઘણા કલેશ-કલહ જન્માવ્યા હતા. એટલે એ એક પ્રશ્નના નિકાલમાં જ અનેક પ્રશ્નોના નિકાલ સાથે કલેશનો પણ નિકાલ થઈ જવાનો હતો. અને એટલા માટે જ આ સમ્મેલન યોજવામાં આવ્યું હતું.

આ સમ્મેલનમાં શું બન્યું, તેની વિસ્તૃત નોંધ એક પુસ્તકરૂપે છપાયેલી છે. ("રાજનગર શ્રમણ સંમેલનની કાર્યવાહી"–લેખક : આચાર્ય શ્રી હંસસાગરસૂરિજી, પ્રકાશક : શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર, મુ. ઠળિયા.) એમાં જોકે ઘણી વસ્તુ અધૂરી હોય એવું લાગે છે, છતાં એ દિવસોની કાર્યવાહીની મોટા ભાગની માહિતી એમાંથી આપણને મળી જ રહે છે. એટલે અહીં સમ્મેલનની કાર્યવાહીની વિગતો નહિ આપતાં, તેમાં શ્રી વિજયનંદનસૂરિજીના અને એકતિથિપક્ષના વલણ તેમ જ દૃષ્ટિબિન્દુનું વિહંગાવલોકન કરીશું.

ઉપર કહ્યું તેમ, સમ્મેલનનાં ધ્યેય 'એકતા અને શાન્ત' હતાં. પણ એ ધ્યેયની સફળતા સરળતા અને અકદાગ્રહી મનોદશા ઉપર અવલંબતી હતી. એ બંને વસ્તુનો અભાવ સામા પક્ષમાં પૂરા પ્રમાણમાં હતો. અને એને લીધે સમ્મેલનનું પરિણામ નિષ્ફળતામાં આવ્યું.

જોકે તિથિચર્ચા એક એવો મુદ્દો છે કે જેમાં બંને પક્ષ એકબીજાને દોષિત અને ખટપટી ઠરાવતા જ આવ્યા છે. સમ્મેલનની નિષ્ફળતામાં પણ બંને પક્ષ એકબીજાને જ જવાબદાર ગણાવતા રહ્યા છે, આમ છતાં, જે વાસ્તવિક છે, જે બન્યું છે, તે તો તેના નિર્ભેળ શુદ્ધ સ્વરૂપે રજૂ કરવું જ રહ્યું.

સામા પક્ષની એક મુરાદ એ હતી કે ૧૯૯૨ના વર્ષથી ચલાવેલી નવી તિથિ-પ્રણાલિકાને એકતિથિપક્ષના આચાર્યો પણ માન્ય કરે, અને સાચી ઠેરવે, એ રીતે સમ્મેલનના પ્રવાહને વળાંક આપવો. આમ કરવામાં એમને બે રીતે લાભ હતો : એક તો, જો પોતાની નવી માન્યતાને બધા સ્વીકારે, તો તો મોટો લાભ હતો જ; અને, એમ ન થાય તોય, સામા પક્ષની સરળતાનો ગેરલાભ ઉઠાવીને એમાં પણ તડાઓ પડાવવા, એ પણ કંઈ જેવો તેવો લાભ ન હતો. અને આ લાભ લેવાની ઉત્તમ તકનો પૂરેપૂરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ કરવાની ઇચ્છાથી જ એ પક્ષના અગ્રણીઓ ઇચ્છતા હતા કે શ્રી વિજયનન્દનસૂરિ મહારાજ સંમેલનમાં ન આવે તો ઘણું સારું. સારાંશ કે એ પક્ષની વાતો શાણી હતી પણ દાનત કાણી હતી. સંઘમાં એકતા ને શાન્તિ સ્થપાય કે ન સ્થપાય, એની એમને ખેવના ન હતી; એમને તો માત્ર સ્વમત-પોષણની જ તમા હતી.

પણ, એમની આ મુરાદ ફળીભૂત ન થઈ શકી. શ્રી વિજયનંદનસૂરિજીની પરિણામ-ગામી દીર્ઘદૃષ્ટિમાં આ મુરાદ બરાબર વસી ગઈ હતી; તેથી જ એમણે છેક છેલ્લા સમયે સમ્મેલનમાં હાજરી આપવાનું નક્કી કર્યું હતું ને એ આવ્યા હતા. એ આવ્યા કે વાતાવરણ બદલાવા માંડયું.

તિથિચર્ચાની બાબતમાં એમના પ્રાથમિક વિચારો આવા હતા : "સંવચ્છરી અને તિથિ બાબતમાં ચર્ચામાં કે વાદવિવાદમાં અમો અત્યાર સુધી કોઈની સાથે ઊતર્યા નથી, તેમ ઊતરવાની અમારી ઇચ્છા પણ નથી. અમો ડહેલાના ઉપાશ્રયની પ્રણાલિકા પ્રમાણે કરતા આવ્યા છીએ અને કરીએ છીએ. છતાં, તપાગચ્છની પ્રણાલિકામાં સંવચ્છરી અને તિથિ બાબતમાં, જેઓને અરસપરસ જે મતભેદ વર્તમાનમાં ચાલી રહ્યો છે, તે મતભેદનું નિરાકરણ તેઓ અરસપરસ શાંતિપૂર્વક, ચર્ચાથી, વિચારણાથી કે સમજૂતીથી કરી, જે એક નિર્ણય સર્વાનુમતે લાવે તેમાં અમારી સંમતિ છે."

પણ, સામા પક્ષની મુરાદ જાણ્યા પછી એમણે એ મુરાદને નિષ્ફળ બતાવવાનો અને એકતિથિપક્ષની સરળતાનો ગેરલાભ એ પક્ષને ન લેવા દેવાનો નિર્ધાર કર્યો હતો. એમણે સમ્મેલનના બીજા જ દિવસે એક મક્કમ, સ્પષ્ટ અને છતાં સરળ નિવેદન રજૂ કર્યું :

"તિથિવિષયક વિચારભેદોમાં—જેમાં બાર પર્વતિથિ, સંવત્સરી મહાપર્વની આરાધનાનો દિવસ, કલ્યાણક તિથિઓ, તથા અન્ય તિથિઓ વગેરેનો સમાવેશ થાય છે, તેમાં—બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારશ, બે ચૌદશ, પૂનમ અને અમાસ, આ બારેય પર્વતિથિ બાબતની જે પ્રણાલિકા પ્રચલિત છે, તેમાં—"લૌકિક પંચાંગમાં જ્યારે જ્યારે આ બારે પર્વતિથિની વધઘટ–ક્ષયવૃદ્ધિ આવે, ત્યારે ત્યારે આરાધનામાં તે બારે પર્વતિથિમાંથી કોઈ પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ગણાતી નથી, પણ તેને બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ગણાય છે."—આ રીતે ચાલી આવતી જે શાસ્ત્રાનુસારિણી શુદ્ધ પ્રણાલિકા, જે પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજશ્રીની પરંપરાના નામે પ્રસિદ્ધિ પામેલી છે, એટલું જ નહિ, પણ તેમના પહેલાંના સમયમાં પણ આ જ પ્રણાલિકા હોય, એવી અમારી માન્યતા છે; કારણ કે પૂ. શ્રી વિજયહીરસૂરિજી મહારાજની પરંપરાથી જુદી પરંપરા પ્રવર્તાવવામાં પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજનો કોઈ પણ હેતુ હોય, તેવું માનવાને કંઈ પણ કારણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વળી, પૂ. શ્રી વિજયહીરસૂરિજી મહારાજના સમયમાં પણ આ જ રીતની પ્રણાલિકા માન્ય હતી, અને તે જ પ્રણાલિકા પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજાએ અપનાવી હતી, જે અત્યાર સુધી આપણા વારસામાં અવિચ્છિન્ન રીતે ચાલી આવે છે. અને તે જ પ્રણાલિકા સંવિગ્ન વિદ્વાન ગીતાર્થ મહાપુરુષોએ આદરેલી અને આચરેલી છે, જેમાં કોઈ પણ જાતના તર્કને કે શંકાને કે ચર્ચાને અમે અવકાશ માનતા નથી.

"કોઈ વર્ગની એવી માન્યતા હોય કે આ પ્રણાલિકા યતિઓના ગાઢ અંધકારમય સમયમાં અસંવિગ્ન, અગીતાર્થ અને પરિગ્રહધારી શિથિલાચારીઓએ ચલાવી છે, તો તે માન્યતા તે વર્ગને જ ભલે મુબારક રહે! યતિઓમાં ભલે શિથિલાચાર અને પરિગ્રહ કહીએ, છતાં એટલું તો ચોક્કસ છે કે તેઓ વીતરાગધર્મમાં પૂર્ણ શ્રદ્ધાવંત તો હતા જ. તેઓને તિથિ બાબતમાં ઇરાદાપૂર્વક અશુદ્ધ પ્રરૂપણા કરવાનું કાંઈ પણ કારણ માનવાની જરૂરત નથી. તેઓએ તો તે કાળમાં ધર્મને સાચવી રાખ્યો હતો.

"છતાં એટલું પણ ચોક્કસ છે કે પૂર્વોક્ત બાર પર્વતિથિની આરાધનામાં ક્ષય-વૃદ્ધિ ન કરવી અને તેના બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવી, આ અત્યાર સુધી ચાલી આવતી અવિચ્છિન્ન શુદ્ધ પ્રણાલિકા સેંકડો વર્ષોથી આખા ગચ્છમાં આપણા પૂજ્ય વડીલો અપનાવતા આવ્યા છે, તે આપણે અનુભવીએ છીએ અને પૂ. પંન્યાસ શ્રી રૂપવિજયજી ગણિ મહારાજના ડહેલાના ઉપાશ્રયની સ્થાપનાથી અત્યારની ઘડી સુધી આપણે પણ તે રીતે જ આખા તપાગચ્છમાં વર્તીએ છીએ. ભલે એક વર્ગે લૌકિક પંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિમાં આરાધનામાં પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કાયમ રાખવાની જુદી પ્રણાલિકા, તપાગચ્છના તમામ આચાર્યોને જણાવ્યા સિવાય, બાવીશ વર્ષથી આચારી, પણ વિ. સં. ૧૯૯૨ પહેલાં તો આખા તપાગચ્છમાંથી તેમ જ તે વર્ગમાંથી પણ કોઈ પણ વ્યક્તિએ, પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આચરી નથી. પણ પૂ. શ્રી મણિવિજયજી દાદા, પૂ. શ્રી બૂટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ, પં. શ્રી પ્રતાપવિજયજી ગણિ, પં. શ્રી દયારામ મહારાજ, પં. શ્રી સૌભાગ્યવિમળજી મહારાજ, પં. શ્રી ગંભીરવિજયજી ગણિ, બંનેય કમળસૂરિજી મહારાજ, શ્રી નીતિસૂરિજી મહારાજ, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ, મુનિ શ્રી હંસવિજયજી મહારાજ, કાશીવાળા શ્રી ધર્મસૂરિજી મહારાજ, શ્રી નેમિસૂરિજી મહારાજ, શ્રી વલ્લભસૂરિજી મહારાજ, શ્રી દાનસૂરિજી મહારાજ તથા શ્રી ઝવેરસાગરજી મહારાજ, શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ તથા શ્રી મોહનલાલજી મહારાજ, મુનિ શ્રી કાંતિમુનિજી મહારાજ, શ્રી ખાંતિસૂરિજી મહારાજ વગેરે તમામ આપણા વડીલ પૂજ્ય મહાપુરુષોએ એ જ પ્રણાલિકા (એટલે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ નહિ કરવાની પ્રણાલિકા) આચરી છે અને આદરી છે. ઉપરોક્ત તમામ મહાપુરુષો ગીતાર્થ હતા, અગીતાર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહોતા; મહાત્યાગી હતા, શિથિલાચારી નહોતા; પરિગ્રહધારી નહોતા, પણ શુદ્ધ અપરિગ્રહવંત હતા; તેમ જ વિદ્વાન અને સમયજ્ઞ મહાપુરુષ હતા. તેમ જ તે સમય જરા પણ અંધકારનો નહોતો, એટલું જ નહિ, પણ તે તમામ મહાપુરુષો ભવભીરુ હતા અને શાસ્ત્રને જ અનુસરીને પ્રવર્તનારા હતા. તેઓને શાસ્ત્રવિરુદ્ધ કે પરંપરાવિરુદ્ધ (આચરણા) કરવાને કંઈ પણ કારણ ન હતું, અને આપણે એવું માનવું કે બોલવું, એ પણ એ મહાપુરુષોની આશાતના કરવા બરાબર છે, એમ અમારું ચોક્કસ માનવું છે.

"એટલે હવે છેવટનું અમારું મન્તવ્ય અને અમારું કથન એ છે કે બારે પર્વ-તિથિની ક્ષય-વૃદ્ધિ ન કરવી. લૌકિક પંચાંગમાં ઉપરોક્ત બારે પર્વતિથિની વધઘટ –ક્ષયવૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેના બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિની પ્રણાલિકામાં અમો જરાય ફેરફાર કરવા માંગતા નથી. તેમ જ આપણા આખા તપાગચ્છમાં તમામ ચતુર્વિધ શ્રીસંઘ એ જ પ્રણાલિકાને એકસરખી રીતે માન્ય રાખે, અને તેથી થોડા સમયથી આચરેલી જુદી પ્રણાલિકાને હૃદયની વિશાળતાથી છોડી દે એવી તપાગચ્છીય ચતુર્વિધ શ્રીસંઘને મારી નમ્ર વિનંતિ છે. અને આ ચર્ચાના વિષયમાં બાર પર્વતિથિની ચાલી આવતી ક્ષયવૃદ્ધિ નહિ કરવાની પ્રણાલિકાને ચર્ચામાં લાવવી, તે અમો વ્યાજબી માનતા નથી. અમો તો જે રીતે ચાલી આવે છે, તે રીતે જ કરવાની ઇચ્છાવાળા છીએ. બાકી, સંવત્સરી મહાપર્વની આરાધનાના દિવસની તેમ જ બીજી કલ્યાણક વગેરે તિથિઓની ચર્ચા કરી નિર્ણય લાવવામાં અમારી સંમતિ છે."

આ નિવેદન પૂરું કરતાં પહેલાં, બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નહિ કરવાની પ્રણા-લિકાને ચર્ચાનો વિષય ન બનાવવાના પોતાના વિચારને દૃઢતાથી રજૂ કર્યા છતાંય, પોતાની ઉદારતા અને સરળતાનું દર્શન કરાવતાં એમણે ઉમેર્યું કે—

"ઉપરોક્ત બાર પર્વતિથિમાં પણ વર્તમાન બંને પક્ષમાંથી જેઓ કોઈ અરસ-પરસ ચર્ચા કે વિચાર કરવાની ઇચ્છા ધરાવતા હોય, તેઓ બંને પક્ષવાળા ખુશીથી અસરપરસ ચર્ચા અને વિચાર કરી શકે છે, એટલું જ નહિ, પણ તેઓ અરસપરસ ચર્ચા-વિચાર કરી જે એક નિર્ણય સર્વાનુમતે લાવશે તેમાં અમારી સંમતિ છે. પણ આરાધનામાં બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને ચર્ચાનો વિષય નહિ કરવાની અમારી માન્યતા સચોટ છે; તે તો આપણા પૂજ્ય વડીલ મહાપુરુષો આ બાર પર્વતિથિની પ્રણાલિકા જે રીતે આચરી ગયા છે, તે રીતે જ રાખવી જોઈએ. એમાં જ આપણું શાસ્ત્રાનુસારિપણું, પરંપરાનુસારિપણું અને ગુર્વાજ્ઞાનુસારિપણું પૂરેપૂરું સચવાય છે, એવી અમારી માન્યતા છે."

આ નિવેદન શું હતું, ધરતીકંપનો આંચકો હતો! સામા પક્ષે તો ખરેખર, આ નિવેદનમાં વિજળીના કડાકાનો અનુભવ કર્યો. એમની માન્યતાને, ને એમની મુરાદને આ નિવેદનથી ભારે વિપરીત અસર પહોંચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરે, આથી તો એકતિથિપક્ષમાં પણ ઘડીભર સન્નાટો છવાઈ ગયો; નિવેદનનું ઊંડું તાત્પર્ય સૌને જલદી ન સમજાયું. પણ, પછી તો, ગણતરીની જ પળોમાં સૌની બુદ્ધિમાં આ નિવેદનના મુદ્દાઓ સરળતાથી ઊતરી ગયા. તાત્પર્ય સમજાતાં જ નિવેદન સર્વસમ્મત બની ગયું. શ્રી વિજયનંદનસૂરિજીને સોંપેલું નેતૃત્વ અને એમનામાં મૂકેલો વિશ્વાસ સૌને ફળીભૂત થતાં દેખાયાં.

સામા પક્ષે જે મુદ્દા પર આખા પ્રવાહને પોતાની તરફ વાળવાની ગણતરીઓ ગોઠવેલી, તે જ મુદ્દો "બાર પર્વતિથિ ચર્ચાનો વિષય હોઈ શકે જ નહિ" આમ કહીને શ્રી વિજયનંદનસૂરિજીએ તોડી નાખ્યો. અને સમ્મેલનના સમગ્ર પ્રવાહને ખોટી દિશામાં તણાઈ જતો અટકાવી દીધો.

એમના આ મુદ્દા પર સામા પક્ષે સજ્જડ વિરોધ–વાંધો ઉઠાવ્યો. એ કહે: "અમે તો બાર પર્વતિથિની ચર્ચા કરવાની છે, એ માટે જ ભેગા થવાનું છે, એમ સમજીને જ અહીં આવ્યા છીએ. અમને પહેલેથી આવી ખબર હોત તો ન આવત."

આના ઉત્તરમાં શ્રી વિજયનંદનસૂરિજીએ ખૂબ સ્પષ્ટ કર્યું: "પણ અમે તો અહીં સંવત્સરીની ચર્ચા-વિચારણા કરવાની છે, એમ સમજીને જ આવ્યા છીએ; બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નહિ કરવાની પ્રણાલિકાની ચર્ચા નથી કરવાની, એમ સમજીને જ આવ્યા છીએ. એ પ્રણાલિકા ચર્ચાનો વિષય હોઈ શકે જ નહિ. એ પ્રણાલિકા તો સેંકડો વર્ષોથી અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા સિદ્ધાન્તરૂપ છે. અને એ પ્રણાલિકા માતા સમાન છે. અને હંમેશા ચર્ચાનો વિષય દીકરી હોઈ શકે, માતા નહિ.

"તમે ૧૯૯૨થી આ પ્રણાલિકાનો ભંગ કરીને, તપાગચ્છના તમામ આચાર્યોને જણાવ્યા સિવાય, બારપર્વીની ક્ષય-વૃદ્ધિની નવી આચરણા આદરી છે, માટે પહેલાં એ નવી આચરણાનો ત્યાગ કરીને શુદ્ધ પ્રણાલિકા સ્વીકારી લો, પછી એની વિચારણા આપણે સાથે બેસીને કરીશું; તે સિવાય હરગિજ નહિ."

એમના આ વિધાનને સામા પક્ષે 'ચર્ચાનાં દ્વાર બંધ કરવા' રૂપ ગણાવ્યું. એમણે એમના રોજિંદા રિવાજ મુજબ ગણગણવા માંડયું કે: "અમે તો શાસ્ત્રાર્થ દ્વારા તિથિના પ્રશ્નનો નિર્ણય લાવીને સંઘમાં શાંતિ સ્થાપવા ઘણા ઉત્સુક છીએ, પણ એકતિથિ-પક્ષને શાંતિ થવા જ કયાં દેવી છે? એ તો ચર્ચાના દરવાજા જ બંધ કરવા માગે છે, પછી શાંતિમય ઉકેલ શકય કેમ બને? વગેરે."

આ બધા કથનનો છેદ ઉડાડી નાંખતાં શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું:

"તમે નવી આચરણા ન કરી હોત તો ચર્ચાનાં દ્વાર જરૂર ખુલ્લાં રહેત. અને, સાચું સમજો તો, ચર્ચાનાં દ્વાર બંધ કયાં થયાં છે? હજી સંવત્સરીની, કલ્યાણકતિથિની ચર્ચા ઊભી જ છે. હા, બાર પર્વતિથિની ચર્ચા નહિ કરી શકાય, કેમ કે એ અંગે તમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્દન નવી પ્રણાલિકા શરૂ કરી છે. અને ગમે તે માણસ ગમે તે પ્રણાલિકા નવી શરૂ કરે, તો એની જોડે શું અમારે શાસ્ત્રાર્થ કરવા જવું ? એક વર્ગ એવો નીકળે અને કહે કે ‘અત્યારે દુનિયામાં ધર્મના પ્રચારની ઘણી જરૂર છે, અને એ માટે આપણે, એરોપ્લેન આપણે માટે બનાવ્યાં નથી, ને આપણે નિમિત્તે ઊડતાં પણ નથી, માટે, એરોપ્લેનમાં બેસીને બધે ધર્મનો પ્રચાર કરવામાં કાંઈ પાપ નથી,’ આવી પ્રરૂપણા કરીને એ વર્ગ એરોપ્લેનમાં બેસતો થઈ જાય, તે પછી દસ-બાર વર્ષે અમારી સામે આવીને કહે કે, ‘એરોપ્લેનમાં બેસવામાં પાપ શું ? એ માટે અમારી જોડે શાસ્ત્રાર્થ કરો.’ તો શું અમારે એ વર્ગ જોડે શાસ્ત્રાર્થ કરવો ?”

આનો જવાબ સામા પક્ષ પાસે ન હતો.

શ્રી વિજયનંદનસૂરિજીના મુદ્દાને સમર્થન આપતું એક નિવેદન કરતાં શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે કહ્યું :

“પૂ. વિજયનંદનસૂરિજી મહારાજે બાર પર્વતિથિની આરાધના પરત્વે પોતાના જે વિચારો રજૂ કર્યા તેની પાછળ એમનો શો આશય છે, તે હું મારી બુદ્ધિથી આ પ્રમાણે સમજી શક્યો છું કે ’૯૨ની પહેલાંનો ભૂતકાળ મને કે અત્રે ઉપસ્થિત પૂજ્ય પુરુષોને જેટલો ખ્યાલમાં છે તેમાં સંવત્સરી બાબત વિચારભેદ અને આચરણાભેદ થએલ, પણ બાર પર્વતિથિ માટે કોઈ ભેદ થયો નથી. સંવત્સરીના વિચાર કે આચારના ભેદ પાછળ બાર તિથિનો એક પણ દિવસ ઓછો-વત્તો ન થાય એમ આપણા પૂજ્ય પુરુષોએ વિચારપૂર્વક ગોઠવેલ છે એમ મને લાગ્યું છે. ....

“વિચારભેદ અલબત્ત, ભલે થાય, ક્ષાયિકભાવે જ વિચારભેદ ન થાય. બાકી તો, શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ, શ્રી મલ્લવાદીજી મહારાજ અને શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજમાં પણ વિચારણાભેદ થયેલ. મહાપુરુષોને વિચારભેદ ભલે થાય, પણ તેમાં ચર્ચાને અવકાશ ત્યાં સુધી જ હોય કે જ્યાં સુધી એક વિચાર આચરણામાં ન મુકાયો હોય. જે વસ્તુ પૂજ્ય પુરુષો, ગીતાર્થોની સંમતિ વિના આચરણામાં મુકાઈ જાય તેની ચર્ચા શી રીતે થઈ શકે ?

“કોઈ ગમે તેમ આચરણાભેદ સ્વચ્છંદરૂપે કરી લે તેમાં વારે વારે શું આપણા સંઘે તેની સાથે ચર્ચા કરવી ? સંવત્સરી બાબત વિચારભેદ થયો હોવા છતાં આચારણાભેદ થયો નથી, પાંચમની ક્ષય-વૃદ્ધિ કરવામાં આવી નથી. ૧૯૫૨માં મારો જન્મ ન હતો, ૬૧માં દીક્ષા નહોતી લીધી, પણ ત્યારે પણ, પંચમીના ક્ષય અંગે વિચારભેદ ભલે થયો હશે, પણ આચરણાભેદ થયો જ નથી. બધાને ખૂંચેલ છે કે પંચમીની હાનિ ન થાય. માટે પૂજ્ય નંદનસૂરિજી મહારાજની બાર પર્વતિથિ [] મૂળ પ્રણાલિકા અપનાવવાની વાત અનુચિત નથી. તેમાં ચર્ચાનાં દ્વાર બંધ કરવાની વાત જ ક્યાં છે ? પૂ. નંદનસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજના હૈયામાં શાસનની એકતાની જે શુભેચ્છા છે, અને તે શુભેચ્છાપૂર્વક સરળ રીતે જે શાન્તિનો ઉપાય બતાવ્યો છે, એ અપનાવવા જેવો છે.”

કેવી સ્પષ્ટ અને સરળ રજૂઆત છે! પણ એ સમજવી જ કોને હતી? એ જો સમજવી હોત, તો સમ્મેલનનીયે જરૂરત ન હતી. સરળતાનો નિતાન્ત અભાવ જ સમ્મેલનનો (અને એની નિષ્ફળતાનો પણ) હેતુ બન્યો, એમ કહીએ તો અજુગતું નહીં લેખાય.

એક તબક્કે, સમ્મેલનના મુખ્ય સંચાલક–નિમંત્રક શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈએ, કદાચ ગમે તે વલણથી દોરવાઈ જઈને, દરમિયાનગીરી કરી કે ‘મેં તો બધાને બાર પર્વતિથિની ચર્ચા કરીને નિર્ણય કરવા સારુ જ નિમંત્રણ આપ્યું છે.’ આમ કહીને એમણે પોતે લખેલા નિમંત્રણપત્રનો એક ભાગ વાંચી સંભળાવ્યો :

“વિનંતિ કે, તિથિચર્ચાનો નિર્ણય શાસ્ત્રાધારે બધા ગચ્છાધિપતિ ભેગા મળી, પરસ્પર સમજી–વિચારી યોગ્ય નિર્ણય લેવાય તેમાં શાસનનું ગૌરવ છે.”

આ વાચીને એમણે કહ્યું : “તિથિચર્ચા એટલે બાર પર્વતિથિની ચર્ચા”

આ વખતે શ્રી વિજયનંદનસૂરિએ વાત ઉપાડી લેતાં કહ્યું : “કેશુભાઈ શેઠ! તિથિચર્ચા એટલે બારપર્વીની ચર્ચા, એવો અર્થ કોણે કહ્યો? એવો અર્થ કરવાનો તમને શો અધિકાર છે? યાદ રાખો કે કાયદો ઘડવો, એ ધારાસભાનું કામ છે, પણ એ કાયદાનો અર્થ શો કરવો, એ તો હાઈકોર્ટ જજનું કામ છે. આવો અર્થ કરવાનો તમારો અધિકાર નથી. અને એ તમારો વિષય પણ નથી.”

આ પછી એમણે સામા પક્ષને ચેલેંજ આપી કે : “૧૯૯૨ પહેલાં બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કોઈએ કરી હોય એનો લેખિત પુરાવો અમને દેખાડો.”

સામો પક્ષ એક પણ લેખિત પુરાવો રજૂ ન કરી શક્યો; ઊલટું, એણે માંગણી કરી કે “તમે, કોઈએ ક્ષય-વૃદ્ધિ નથી કરી, એનો પુરાવો અમને દેખાડો.”

આના જવાબમાં શ્રી વિજયનંદનસૂરિજીએ ખુદ આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી મહારાજના તથા બીજા પણ લેખિત પુરાવા રજૂ કર્યા. એટલે હવે, સામા પક્ષને પણ પુરાવા દેખાડવાની ફરજ પડી. એણે દયાવિજયજીની ચોપડી, બુદ્ધિસાગરસૂરિજીનો પત્રસદુપદેશ, અનોપચંદ શ્રાવકનો પ્રશ્નોત્તરરત્નચિંતામણિ વગેરેને પુરાવારૂપે રજૂ કરવા પ્રયત્ન કર્યો. પણ એ બધા જ એમને માટે નિરાધાર–પાંગળા જ સાબિત થયા! એટલે થાકીને એમણે છેલ્લા બળવાન હથિયારનો ઉપયોગ કર્યો :

“સિદ્ધિસૂરિ મહારાજ બુઝર્ગ મહાપુરુષ છે, પૂજનીય છે. તેઓ અત્યારે વિદ્યમાન છે. તેઓ કહે છે કે મેં ૧૯૫૨ વગેરેમાં પાંચમનો ક્ષય કર્યો હતો. તેમના વચનને અસત્ય ન જ મનાય.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનો વ્યવસ્થિત ઉત્તર આપતાં શ્રી વિજયનંદનસૂરિજીએ જણાવ્યું : "શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ બુઝર્ગ છે, મહાપુરુષ છે, અને સૌને પૂજનીય છે, એ બરાબર છે. પણ તે છતાં, તેઓ અત્યારે એક પક્ષમાં છે. અને એક પક્ષકાર હોવાને લીધે તેમનું વચન પુરાવો ન ગણાય. કોર્ટ પણ તેમના વચનને પુરાવો ન માની શકે. અને અમારે તો લેખિત પુરાવો જોઈએ છે. આ તો મૌખિક છે. એ ન ચાલે. લેખિત રજૂ કરો."

થયું. સામા પક્ષનું બળવાન હથિયાર બૂઠું ઠર્યું. હવે તેમણે નવી જ તરકીબ કરી. શ્રી ગંભીરવિજયજી મહારાજ તથા શ્રી પ્રતાપવિજયજી મહારાજ વગેરે પૂજ્યોના પત્રો, જે વિચારણાસ્વરૂપ જ હતા, નહિ કે પ્રરૂપણા કે આચરણારૂપ, તેને પાંચમનો ક્ષય કર્યાના પુરાવારૂપે રજૂ કર્યા.

પણ શ્રી વિજયનંદનસૂરિજીની જાણ બહાર કાંઈ જ ન હતું. એમણે તો લાગલો જ પ્રશ્ન મૂક્યો : "ગંભીરવિજયજી મહારાજે ને પ્રતાપવિજયજી મહારાજે પાંચમના ક્ષયની આચરણા કરી છે ?"

જવાબ મળ્યો : "નથી કરી."

પૂછ્યું : "તો એને આચરણાના લેખિત પુરાવારૂપે કેમ રજૂ કરાય છે ?"

સામો પક્ષ થોથવાયો. એણે આડેધડ જવાબ વાળ્યો : "આચરણા કરતાં પ્રરૂપણા કરનાર વધારે ગુન્હેગાર છે, એમ અમે માનીએ છીએ. માટે આ પત્રોને પુરાવારૂપે રજૂ કર્યા છે."

આ સાંભળતાં જ શ્રી વિજયનંદનસૂરિજીનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. એમણે ખૂબ ગંભીર રીતે કહ્યું :

"વિશેષમાં, તે (પાંચમનો ક્ષય કર્યાના પુરાવાની) ચર્ચાના પ્રસંગમાં વિજયરામચંદ્રસૂરિજી ૧૯૫૨નો પૂજ્ય શ્રી પ્રતાપવિજયજી ગણિ મહારાજનો પત્ર વાંચી સંભળાવે છે, પછી પૂજ્ય પં. ગંભીરવિજયજી મહારાજનો પત્ર તથા પૂ. ઉપાધ્યાય દયાવિજયજી મહારાજનો પત્ર પણ યાદ કરે છે; જે પૂજ્યશ્રીઓના પત્રો વિચારણારૂપ છે, પણ આચરણારૂપ નથી જ; એ વાત ચારે દિવસોની ચર્ચામાં અનેક વાર નિશ્ચિત થઈ ચૂકી છે, છતાં તે પત્રોની બાબતમાં વિજયરામચંદ્રસૂરિજી પોતાના મનસ્વીપણે 'વિચારણા' શબ્દને ઠેકાણે 'પ્રરૂપણા' શબ્દ ગોઠવી દે છે; અને એ બોલે છે કે 'આચરણા કરનારા ગુનેગાર છે; પણ પ્રરૂપણા કરનારા તો તેના કરતાં પણ વધારે ગુનેગાર છે.' આ રીતની અનુચિત, અયોગ્ય અને અક્ષન્તવ્ય શબ્દોવાળી ભાષા અમારા પૂજ્ય પરમોપકારી વડીલો માટે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલાય તે કોઈ પણ સંયોગોમાં જરાય વ્યાજબી નથી, એટલું જ નહિ, પણ તદ્દન ખોટી રીતે ગેરસમજ ઊભી કરાવી તે પૂજ્ય મહાપુરુષોની આશાતના કરવા બરાબર છે.”

“શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીએ અમોને અહીં મુનિસમ્મેલન અંગે બોલાવેલા છે, તે કાંઈ અમારા પૂજ્ય મહાપુરુષો માટે આવા અયોગ્ય અને અનુચિત શબ્દોવાળી ભાષા સાંભળવા માટે બોલાવ્યા નથી. અને અમો મુનિસંમેલનમાં આવ્યા છીએ, તે પણ અમારા પૂજ્ય મહાપુરુષો માટે આવી રીતના અસભ્ય શબ્દોવાળી ભાષા સાંભળવા હરગિજ નથી આવ્યા. એટલે હાલ બીજી વિચારણા સ્થગિત કરી પ્રથમના તબક્કે શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ અમારા પૂ. વડીલો પ્રત્યેની તે શબ્દોવાળી ભાષા શ્રી શ્રમણ-સંઘ સમક્ષ પાછી ખેંચી લેવી જોઈએ. અને તેવી ભાષા બોલ્યાની પોતાની ભૂલને માટે શ્રી શ્રમણસંઘ સમક્ષ એમણે જાહેર માફી માગવી જોઈએ, એવી મારી શ્રી શ્રમણ-સંઘ પાસે નમ્ર માગણી છે.”

આ પછી સમ્મેલનમાં ખાસ્સું ડહોળાણ થયું. એ પછી તો બંને પક્ષ પોતપોતાની પક્કડમાં વધુ દૃઢ થઈ ગયા. એક પક્ષનો કદાગ્રહ હતો કે બારપર્વીની ચર્ચા કરવી જ જોઈએ; બીજા પક્ષનો સત્યાગ્રહ હતો કે બારપર્વીની ચર્ચા ન જ કરી શકાય.

આનો રસ્તો લાવવા માટે શાંતિ ને સમાધાનના પરમ ચાહક શ્રી પુણ્યવિજયજી મહારાજે એક માર્ગ મૂકયો કે—

“અવાજ એમ આવેલ છે કે ઉદયસૂરિ મહારાજ, માણેકસાગરસૂરિજી મહારાજ, હર્ષસૂરિજી મહારાજ, લબ્ધિસૂરિજી મહારાજ અને પ્રેમસૂરિજી મહારાજ આ પાંચ બુઝર્ગ પુરુષો આ બાબતમાં વિચારણા કરે કે આપણે શું કરવું અને કેવી રીતે નિર્ણય લાવવો ? એઓ જ આ કાર્ય કરી લે.”

આ માર્ગ પર પોતાનું ખાસ હેતુસરનું મંતવ્ય રજૂ કરતાં શ્રી વિજયરામચન્દ્રસૂરિજીએ કહ્યું : “જેઓ યોગ્ય રીતે શાસ્ત્રો જોઈ શકે, સમજી શકે, વિચારી શકે, તેવા યોગ્ય મહાપુરુષોને આ કાર્ય સોંપીએ તો થોડા વખતમાં શાસ્ત્રોની વાતોનું સ્પષ્ટીકરણ કરી શકીએ. વગેરે.”

આ સાંભળીને ઘણા સમસમી ગયા. એ દિવસનો કાર્યક્રમ પૂરો થયા પછી તરત જ શ્રી વિજયલક્ષ્મણસૂરિજી દોડાદોડ પાંજરાપોળના ઉપાશ્રયે આવ્યા ને શ્રી વિજયનંદન-સૂરિજીને કહે : “આપને આમાં કાંઈ કરવું છે કે નહીં ? હવે તો હદ થાય છે.”

વિજયનંદનસૂરિજી કહે : “હું શું કરું ? તમારે કરવું જોઈએ ને ?”

વિજયલક્ષ્મણસૂરિજી કહે : “પણ આપ જ કાંઈ કરો ને !”

વિજયનંદનસૂરિજી કહે : “હું જે કરું એ કાલે જોજો.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બીજે દિવસે શ્રી પુણ્યવિજયજી મહારાજ અને શ્રી વિજયપ્રતાપસૂરિજીના કથન પછી એમણે શ્રી વિજયરામચંદ્રસૂરિજીના વક્તવ્ય પર કડક સમાલોચના કરતાં જણાવ્યું:

"ગઈકાલે પોણાબે વાગે પુણ્યવિજયજીના નિવેદનમાં જે સૂચન થયું, જે તેમનું પોતાનું સ્વતંત્ર નહોતું પણ તેમની પાસે કોઈ પણ તરફથી આવેલ સૂચના ઉપરથી હતું, કે આ. શ્રી લબ્ધિસૂરિજી, આ. શ્રી પ્રેમસૂરિજી, આ. શ્રી ઉદયસૂરિજી, આ. શ્રી હરખસૂરિજી, આ. શ્રી માણેકસાગરસૂરિજી, આ પાંચે વૃદ્ધ પુરુષોને આ કાર્ય સોંપવામાં આવે અને તેઓ આનો વિચાર કરી જે માર્ગ સૂચન કરે તે માર્ગે આપણે ચાલીએ તો તે જરૂર ઇચ્છવા યોગ્ય છે.

"આના જવાબમાં પોણાચાર ને પાંચ મિનિટે રામચંદ્રસૂરિજીએ પોતાનું જે વક્તવ્ય કર્યું તેમાં તેઓએ 'ઉપરોક્ત પાંચ વૃદ્ધ પુરુષો અમારે કબૂલ છે, બરાબર છે, તેઓને આ કાર્ય સોંપીએ અને તેઓ જે વિચાર આપે તે માર્ગે આપણે જઈએ તે વાત અમારે સંમત છે.' તે રીતે સ્વીકાર કર્યો નથી, એ ચોક્કસ છે. અમોને લાગે છે કે તેઓની સમજણમાં ઉપરોક્ત પાંચે વૃદ્ધ પુરુષો યોગ્ય મહાપુરુષો નહોતા; યોગ્ય લાગ્યા હશે તો મહાપુરુષ નહિ હોય; મહાપુરુષ તેઓની સમજણમાં હશે તોપણ તેઓ યોગ્ય છે, તેવું તેઓની સમજણમાં નહિ હોય. એટલે તેઓની સમજણમાં તે પાંચે યોગ્ય મહાપુરુષ નહોતા. તેઓ પોતાના વક્તવ્યમાં જણાવે છે કે 'જે યોગ્ય રીતે શાસ્ત્રોને જોઈ શકે, વિચારી શકે અને સમજી શકે, તેવા યોગ્ય મહાપુરુષોને સોંપવું જોઈએ.' એનો સ્પષ્ટ અર્થ છે કે 'ઉપરોક્ત પાંચે વૃદ્ધ પુરુષો યોગ્ય રીતે શાસ્ત્રોને જોઈ શકે છે,' તેવું તેમની સમજણમાં નથી. 'યોગ્ય રીતે શાસ્ત્રો વિચારી શકે છે.' તેવું પણ તેમની સમજણમાં નથી. અને 'ઉપરોક્ત પાંચે જણા શાસ્ત્રોને યોગ્ય રીતે સમજી શકે છે.' તેવું પણ તેમની સમજણમાં નથી. એટલું જ નહિ, પણ ઉપરોક્ત પાંચે વૃદ્ધ પુરુષો યોગ્ય રીતે શાસ્ત્રોને જોઈ શકે છે, વિચારી શકે કે સમજી શકે તેવા નથી, એવું રામચંદ્રસૂરિજીની સમજણમાં જરૂર જણાય છે, જેથી તેઓએ તે પાંચે વૃદ્ધ પુરુષોનાં નામ કાલે કબૂલ કર્યાં નથી. હવે આ પાંચે વૃદ્ધ પુરુષો સિવાય અત્રે વિદ્યમાન તપાગચ્છીય શ્રી દેવસૂર શ્રમણસંઘમાં યોગ્ય મહાપુરુષો બીજા શ્રી રામચંદ્રસૂરિજીની સમજણમાં કોણ કોણ છે તે પણ આપણી સમજણ બહારનો વિષય છે, કારણ, આપણે કદાચ કોઈ નામ સૂચવીએ તો તેઓ કહી શકે છે કે 'આ પુરુષ યોગ્ય રીતે શાસ્ત્રોને જોઈ શકે એમ નથી.' બીજું નામ સૂચવીએ તોપણ તેઓ કહી શકે છે કે 'આ પુરુષ યોગ્ય રીતે શાસ્ત્રોને વિચારી શકે એમ નથી.' ત્રીજાનું નામ કદાચ સૂચવીએ તોપણ તેઓ કહી શકે કે 'આ પુરુષ યોગ્ય રીતે શાસ્ત્રોને સમજી શકે તેમ નથી.' અને આવું કોઈ પણ મહાપુરુષ માટે 'તે યોગ્ય મહાપુરુષ નથી.' એવું શ્રી રામચંદ્રસૂરિજીના મોઢે, અમારે કહેવરાવવું અને અમારે સાંભળવું, એ અમારી જરાય ઇચ્છા નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના પ્રત્યાઘાતમાં સામા પક્ષ તરફથી 'મારો એવો આશય ન હતો.'–ને એવાં અનેક મંતવ્યો રજૂ થયાં, પણ 'બૂંદકી બિગડી હોજસે નહીં સુધરતી હૈ'–વાળો ઘાટ થઈ ગયો !

પછી તો ડોળાણ વધી ગયું, ઉગ્રતા પણ આવવા લાગી. પરિણામે થોડા જ દિવસોમાં સમ્મેલનનો નાટકીય રીતે અંત આવ્યો. બંને પક્ષ અન્યોન્ય પર આનો ટોપલો ઓઢાડવા લાગ્યા. પણ, ખરી રીતે તો, સામા પક્ષમાં સરળતાનો નિતાન્ત અભાવ અને એનું કદાગ્રહી માનસ જ આ માટે જવાબદાર ગણવું જોઈએ.

શ્રી વિજયનંદસૂરિજીનું કથન સ્પષ્ટ હતું કે "પાકિસ્તાન હિન્દુસ્તાન સાથે સમાધાન કરવાની વાતો કરે છે, પણ એ એની વાતો જ કર્યા કરે, ને પોતે દબાવેલી હિંદની જમીનો કે મિલકતો પરનો કબ્જો છોડે નહિ, તો સમાધાન કઈ રીતે શકય બને ? એ રીતે તમે જે નવી આચરણા કરી છે, તે ચર્ચાનો વિષય ન હોઈ શકે. આમ છતાં તમે પહેલા નવી આચરણા છોડી દઈને આપણી શુદ્ધ પ્રણાલિકાનો સ્વીકાર કરી લો, પછી આપણે સાથે બેસીને એની ચર્ચા-વિચારણા અવશ્ય કરીએ, અને એમાં જે સત્ય નીકળે તે આપણે બધાય સ્વીકારીએ."

ખૂબ સરળતાની ને સમજણની આ વાત હતી, પણ એ સમજમાં આવે એટલી સરળતા સામા પક્ષે ન હતી. એનું પરિણામ સંમેલનના અંતમાં આવ્યું.

સમગ્ર તપાગચ્છની એકતા થાય, એની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલી ભારતવર્ષની જૈન જનતાને આનો ભારે રંજ થયો.

પણ આથી એટલું તો ચોક્કસ થયું કે અશકય ભૂમિકાઓ પર કલ્પાયેલી તપાગચ્છીય શ્રમણસંઘની એકતા ન થવા છતાં, શ્રી દેવસૂર તપાગચ્છ સંઘની (એકતિથિ પક્ષની) એકતા જરૂર થઈ. આ સમ્મેલનના પ્રતાપે એ સંઘના તમામ સમુદાયો ખૂબ નિકટમાં આવ્યા; એમનું સંગઠન વિશેષ મજબૂત બન્યું, અને એ સંગઠનને સમ્મેલનના માધ્યમે તોડી પાડવાના સામા પક્ષના પ્રયત્નોને નિષ્ફળતા જ સાંપડી ! આ એકતાના ફળસ્વરૂપે શ્રી દેવસૂર તપાગચ્છ શ્રમણસંઘ તરફથી શ્રી વિજયનંદનસૂરિજીના નામનું એક નિર્ણયાત્મક નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું. એમાં ત્રણ નિર્ણયો જાહેર કરાયાં : "(૧) બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કોઈ પણ સંયોગોમાં ન જ કરી શકાય. (૨) સંવત્સરી મહાપર્વની આરાધના ભાદરવા શુદિ પાંચમને અખંડ રાખીને જ કરવાની છે. (૩) ચાલુ વર્ષે (સં. ૨૦૧૪) તા. ૧૬–૯–૫૮ ને મંગળવારે જ સંવત્સરી કરવાની છે."

સં. ૨૦૧૪ના આ સમ્મેલનને શિષ્ટ અને સભ્ય સમાજના લોકોએ જૈન સમાજની મોટી નિષ્ફળતા ગણી. આજે પણ એ લોકો એને નિષ્ફળતા જ કહે છે. અલબત્ત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સમ્મેલન નિષ્ફળ જરૂર ગણાય, પણ એ નિષ્ફળતાનું મૂલ્ય સફળતા જેટલું જ આંકવું જોઈએ.

આ જેવી તેવી સફળતા નથી. અને આટલું લાધ્યા છતાંય એને જો નિષ્ફળતા કહેવાતી હોય તો તે પણ આદરણીય જ ગણાશે.

શ્રી વિજયનંદનસૂરિજીને એક પત્રમાં પં. મફતલાલ ઝવેરચંદ લખે છે :

“મને પોતાને તો સ્પષ્ટ લાગે છે કે આજ સુધી આપણા પક્ષે જે કાંઈ વલણ લીધું છે તે યોગ્ય, વ્યાજબી અને જરૂરી જ લીધું છે. આમાં જરા પણ આપણી ભૂલ થઈ નથી.

“કોઈનું ભૂંડું ઇચ્છનાર પોતાનું જ ભૂંડું કરે છે, પારકાનું કાંઈ કરી શકતો નથી. ગયા સંમેલનમાં અને આ સંમેલનમાં–બંનેમાં તેઓ બન્યા છે.

“હું તો ખરેખર આપને જ આનો યશ આપું છું. આપ જો ન આવ્યા હોત તો શું પરિણામ આવત તે તો ભાવિ જાણે, પણ આપે આવી, પર્વતિથિનું રક્ષણ કર્યું છે. અને જે કામ સાગરાનંદસૂરિજી કે કોઈ ન કરી શક્યા તે કર્યું છે. આ કરવામાં આપે શાસનનું પરમ કલ્યાણ કર્યું છે. એટલું જ નહિ, પણ શાસનના શિરસ્તાને ઉલ્લંઘનારને યોગ્ય શિક્ષા આપી શાસનના રાહનું રક્ષણ કર્યું છે, નહિતર એ સ્થિતિ આવી પહોંચી હતી કે ગમે તે માણસ મનગમતી વસ્તુ ભક્તોના કે પૈસાના જોરે શાસનમાં ઘુસાડત અને સાચી વાતને હંમેશ માટે ધકેલી દેત. આપે તો આ કામ આપના જીવનમાં પરમસુકૃત અને અંતે પણ સુકૃત અનુમોદનારૂપ કર્યું છે. આની પાછળ કોઈને પાછા પાડવાની કે કિન્નો લેવાની બુદ્ધિ નથી. માત્ર ચાલુ પરંપરાને કોઈ પણ માણસ તોડે તે ઉત્પથથી સમાજને રક્ષવાની ભાવના હતી.”

અંતે એટલું જ કહીશું કે આ સંમેલનમાં શ્રી વિજયનંદનસૂરિજી ન આવ્યા હોત તો સં. ૧૯૯૯માં પી. એલ. વૈદ્યના ચુકાદા વખતે સર્જાયેલી સ્થિતિથીયે વધુ કફોડી સ્થિતિ પેદા થાત એ નિઃશંક છે.